**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૩૨૩૪/૨૦૨૩.**

**આંક–૬.**

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | **:** | | **સરકારી શ્રમ અધિકારી અને બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ–૧૯૮૬.** |
| | | | **વિરૂધ્ધ** |
| **આરોપી** | **:** | **૧.** | **શ્રી અમૃતભાઈ પુંજાભાઈ પટેલ–માલિકશ્રી,**<br>૮/૦. પટેલ દાલબાટી,<br>ઠે. ૨૦૨, આસ્થા–૧, મોટા ચિલોડા,<br>હિંમતનગર હાઈવે, તા.જી.ગાંધીનગર.<br>**સંસ્થાનું સરનામું :** મું. પો. મોટી શિહોલી,<br>હિંમતનગર હાઈવે, તા.જી.ગાંધીનગર. |
| **ગુન્હો** | **:** | | **બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ ના ભંગ બદલ.** |
| **આરોપી તરફે** | **:** | | **વિ. વ. શ્રી પ્રશાંત મહારાજા.** |

**<u>–: ચૂ કા દો :–</u>**

**૧.** હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી **બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬** હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ ધ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા **બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ ની કલમ–૭(૨) અને નિયમ–૪(૧)** હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરિયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**૩.** આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ

કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લીનોંધવામાં આવેલ છે.

૪. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબૂલ કરતા હોવાનું જણાય છે.

૫. ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. **આરોપી સંસ્થાના પ્રોપ્રાયટર હોવાની ફરીયાદ પક્ષની રજૂઆત છે.** સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું –૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ ::–**

૧. સદર કામે આરોપીને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ ની કલમ–૭(૨) અને નિયમ–૪(૧) ના ભંગ બદલ સદર કાયદાની** કલમ–૧૪(૩)(ડી) મુજબ તકસીરવાન ઠરાવીને **કુલ રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી **દંડ ન ભરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. ૦૯/૦૩/૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.